Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal - Shreemati Saraswatiben Ramanlal Shah Sanskrutik Bhavan, Nr. Godawari Dehrasar, Vasna, Ahmedabad-380007.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

# પરિવાર પત્રિકા

PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Year - 22 • Issue No. - 261 • 1st June 2025

Price Rs. 2/- • Pages-00

ખાનગી વાતો
ખાનગી રાખજો
જો વાનગી બની જશે
તો તમારા કરતાં
લોકો વધારે ચાખશે.

**જાગૃતિ • માહિતી • પ્રવૃત્તિ • પ્રગતિ**

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444
સહ સંપાદક : રમેશભાઈ સી. શાહ 94263 84275

વિજયભાઈ કે. શાહ............(બોરીયાવી) 9998602896
ભાઈલાલભાઈ એન. ગાંધી.........(સમોડા) 9925722324
ભાવેશભાઈ એન. શાહ............(ભાલક) 9427702080
જશવંતભાઈ પી. શાહ..............(ભાલક) 9974716584
સંદિપભાઈ એસ. શાહ.........(બોકરવાડા) 9825787549

**મેનેજીંગ ટ્રસ્ટી**

બકુભાઈ સી. ગાંધી (સમોડા) 98250 96444

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર.............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................ (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ..................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................. (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ....................(મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ................ (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ.................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................. (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. ................... (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી................(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ..................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ.......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................ (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ...............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................. (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ...................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ..................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ........................ (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ...............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ. મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

વ્હાલા જ્ઞાતિબંધુઓ,

આપણી સમગ્ર જ્ઞાતિમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિવિધ બોર્ડ પરીક્ષાઓમાં ઊત્તિર્ણ થયેલા સર્વ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને અમદાવાદ જ્ઞાતિ મંડળ ખૂબ ખૂબ અભિનંદન આપે છે અને ભવિષ્યમાં ઉત્તરોત્તર ઉજ્જવળ કારકિર્દી બનાવો તેવી શુભેચ્છા.

અમદાવાદ મંડળના વોટ્સએપ ગ્રુપ દ્વારા પ્રસારિત કરેલા મેસેજ મુજબ આ વર્ષે અમદાવાદ જ્ઞાતિ મંડળ દ્વારા શૈક્ષણિક સહાય યોજના અંતર્ગત ધોરણ-૧ થી ઉચ્ચશિક્ષણ સુધીનો અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને ૨(બે) ડઝન ચોપડા અને બોલપેનનો સેટ તા.૨૫-૦૫-૨૦૨૫, રવિવારે નિ:શુલ્ક આપવામાં આવ્યા અને તા.૦૧-૦૬-૨૦૨૫, રવિવારે પણ આ રીતે નિ:શુલ્ક વિતરણ કરવામાં આવશે. શૈક્ષણિક સમિતિ દ્વારા આ કામગીરી કોઈ કે સીટ નથી પાડવામાં આવી રહી છે તે બદલ શૈ.સમિતિના સર્વ સભ્યોને અભિનંદન.

સાધર્મિક પરિવારજનોને આર્થિક સહાય રૂપે સમાજના કોઈ વ્યક્તિને રોકડ રકમ આપીને તેમાં સહયોગી થવાની ભાવના હોય તો, તેઓશ્રી સાધર્મિક વાત્સલ્ય ફંડમાં આ રકમ અનુમોદના રૂપે આપી શકે છે. ખાદ્ય સામગ્રીની સાથે આ રોકડરકમ કુટુંબદીઠ મોકલી આપવામાં આવશે. તો સૌ જ્ઞાતિ બંધુઓને આ લાભ લેવા વિનંતી છે.

આપણા ભારતદેશની અખંડિતતા અને દેશવાસીઓની સુરક્ષા માટે દેશની ભૂમિસેના, હવાઈદળ, નૌકાદળના જાંબાઝ જવાનો આંતકવાદીઓ સામે પ્રાણની પરવા કર્યા વિના લડે છે, આપણું રક્ષણ કરે છે અને શહાદત પણ વ્હોરે છે. પૂર, વાવાઝોડા, રમખાણો, આગ, અકસ્માતોમાં તેઓ નાગરિકોના જાનમાલને બચાવવાની કામગીરી કરે છે. તે સૌને શત્ શત્ વંદન. આપણે શહીદો માટે સૈનિક ફંડમાં યથાશક્તિ ફાળો નોંધાવી તેમનું ઋણ ચૂકવી શકીએ. આપણા દેશની અત્યારની વિષમ પરિસ્થિતિમાં આપણો જૈન સમાજ અલિપ્ત ન રહી શકે. માટે આપણા દેશની એકતા જાળવી રાખવાના અને રાષ્ટ્રપ્રેમ બરકરાર રાખવાના કાર્યમાં આપણે વડાપ્રધાનને સાથ આપીએ.

સમ્યગ્ જ્ઞાન પ્રસારનિધિ યોજના અંતર્ગત જ્ઞાતિહોલમાં ધાર્મિક શિક્ષક દ્વારા પાઠશાળા કાર્યરત છે. જ્ઞાતિજનોએ લાભ લેવા વિનંતી છે.

મેડીકલ સહાય સ્કીમ અંતર્ગત આપણા મંડળ દ્વારા ડૉ.શ્રીમતી શ્વેતાબેન આર. શાહ હોમિયોપેથીક તપાસ, માર્ગદર્શન અને દવા દર મહિને બે ગુરુવારે નિ:શુલ્ક આપે છે. તેના મેસેજ અગાઉથી સંસ્થા દ્વારા વોટ્સએપથી આપવામાં આવે છે. જ્ઞાતિજનોએ મોટી સંખ્યામાં લાભ લેવા વિનંતી છે.

ભાવેશભાઈ એમ. શાહ-માનદ્ મંત્રી • રમેશભાઈ સી. શાહ-સહમંત્રી

# પરિવાર પત્રિકા

સૌજન્ય દાતા

(જાન્યુઆરી-૨૫ થી ડીસેમ્બર-૨૫)



**સ્વ.કાન્તાબેન શશીકાન્તભાઈ ગાંધી**

(મોઢેરા) અમદાવાદ

જન્મ તા.૦૧-૦૬-૧૯૪૮ - સ્વ.તા.૧૦-૦૭-૨૦૨૩

પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને
સાચી શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના

**સદ્‌ગતની સ્મૃતિમાં**

અલકા હિતેશકુમાર ગાંધી
હિતેશકુમાર બકુભાઈ ગાંધી
ચાર્મી હિતેશકુમાર ગાંધી
વિધિ હિતેશકુમાર ગાંધી

**સ્વ.કમળાબેન પોપટલાલ ગાંધી**
**સ્વ.પોપટલાલ મોહનલાલ ગાંધી**

પરિવાર તરફથી અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને "પરિવાર પત્રિકા" મોકલવામાં આવશે.

## મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

## પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ ....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ ..........(ઊંઢાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ...........(ઊંઢાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ...........(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ...........(ખરોડ)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

તા.૦૮-૦૬-૨૦૨૫, રવિવાર

સમય: સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦
સ્થળ: વાસણા, જ્ઞાતિ હોલ

### આગામી પ્રોગ્રામ

તા.૦૮-૦૫-૨૦૨૫ને રવિવારના રોજ Parenting for Peace દ્વારા આયોજીત આદર્શ માતા-પિતા અને સાચી બાળ કેળવણી અંગે માર્ગદર્શન સેમિનાર રાખવામાં આવેલ છે. બાળ ઘડતરના ઉછેરની સમસ્યાઓના માતા-પિતાને સચોટ જવાબ આ સેમિનાર દ્વારા ઉકેલ આપવામાં આવશે.

આજકાલ બાળકોનું જિદ્દી વલણ, મોબાઈલની આદત, ખોરાક સંબંધીત સમસ્યાઓ, બાળકોને ગુસ્સો આવે ત્યારે કેવી રીતે સમજાવવા જેવી અનેક સમસ્યાઓના સમાધાન આ સેમિનાર દ્વારા મળશે.

જેના માટે અમે એક સત્રનું આયોજન કરી રહ્યા છીએ. માતા-પિતા અને બાળકોને આ સેમિનારમાં પધારવા મહિલા મંડળનું હાર્દિક આમંત્રણ છે.

સેમિનાર આપણા જ સમાજના શ્રીમતી શ્રદ્ધાબેન ધવલભાઈ શાહ (ઉનાવા) કરશે. આ પ્રોગ્રામમાં પધારવા માટે દરેક વાલી તથા બાળકોએ ગુગલ ફોર્મ ભરવું ફરજીયાત છે. જેમણે ગુગલ ફોર્મ ભરેલું હશે તે જ લોકોને એન્ટ્રી આપવામાં આવશે. ગુગલ ફોર્મની લીંક તા.૦૩-૦૬-૨૫ના રોજ મુકવામાં આવશે. તા.૦૬-૦૬-૨૫ના રોજ લીંક બંધ થઈ જશે. આ પ્રોગ્રામમાં અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

સોનલબેન એસ. શાહ-મંત્રી ● પીન્કીબેન એસ. શાહ-સહમંત્રી

**શુભલગ્ન** — તા.૧૦-૦૫-૨૦૨૫,શનિવાર



શ્રીમતી ભારતીબેન તથા શ્રી વસંતભાઈ શાહ (બોકરવાડા-અમદાવાદ) ની સુપુત્રી ચિ.પાયલના શુભલગ્ન અ.સૌ.કંચનબેન તથા શ્રી સેવંતીલાલ શાહ (ચરાદ-અમદાવાદ)ના સુપુત્ર ચિ.નિમેષકુમાર સાથેના તા.૧૦-૦૫-૨૦૨૫ને શનિવારે અમદાવાદ જ્ઞાતિમંડળની શુભલગ્ન યોજના અંતર્ગત હોલમાં યોજવામાં આવેલ. જ્ઞાતિ મંડળ આ નવદંપતીને આશિર્વાદ સહ શુભેચ્છા પાઠવે છે.



**ઈન્દિરાબેન ચંદ્રકાન્તભાઈ શાહ**
**(ગાંભુ-હાલ:પૂના)**
જન્મ તા.૨૨-૧૨-૧૯૪૮ ❋ સ્વ.૦૪-૧૦-૨૦૨૪

ભીનાશ ભીતરમાં હોવી જોઈએ....
આંખોનું શું...?
એ તો બિચારી હરખમાં પણ
છલકાય જાય છે....

હેમાબેન રાજેશકુમાર શાહ (ભાલક-અમદાવાદ)
રચના સંજયભાઈ શાહ (ગાંભુ-પૂના)

| | |
|---|---|
| રોમીલ રાજેશકુમાર શાહ<br>અનાલી રોમીલ શાહ<br>કહાન, કીયાન | રીમા રવિકુમાર શાહ<br>રવિકુમાર વસંતભાઈ શાહ<br>રીવા |

નવકાર મંત્ર ના અઠંગ આરાધક, શત્રુંજય મહાતીર્થ ના ઉપાસક, યુગાદીનાથ દાદા ના પરમ ભક્ત..



# કેતનકુમાર નવનીતલાલ શાહ

## (મૂળ વતન : રણુંજ), મુંબઈ હાલ : ગીરીરાજ

ભરતક્ષેત્ર અવતરણ : સં. ૨૦૨૭ ના ચૈત્ર સુદ ૮
મહાવિદેહક્ષેત્ર ગમન : સં.૨૦૮૧ ના ચૈત્ર વદ ૧૪

કેતનભાઈ પાલિતાણા દાદાના દરબારમાં કલાકો સુધી દાદાની ભક્તિ કરતાં હતાં. કાઉસગ્ગ કરતાં હતા. તેમજ ઘણી વાર દાદા ને ૧૦૦૮ ખમાસણા એકીસાથે આપતા હતા. અનેકવાર શત્રુંજય મહાતીર્થ ની ૯૯ યાત્રા કરેલ છે. લગભગ દરરોજ ગીરીરાજની જાત્રા અને પછી લગભગ એકાસણુ ( રાત્રિભોજન ત્યાગ તેમજ ઉકાળેલું પાણી નો નિયમ આજીવન )

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી યશોવર્મસુરીશ્વરજી મહારાજ સાહેબ એ પાલીતાણા માં 99 યાત્રા પૂર્ણાહુતિ પ્રસંગ માં ૫૦૦૦ ની સભા મા ફરમાવેલ કે આદેશ્વરદાદા કેતનભાઈ સાથે વાતો કરે છે અને દાદા શંકા નુ સમાધાન બતાવે છે, અને કેતનભાઈ જેવો દાદા નો કોઈ ભગત નથી.

લગભગ ૨૩ વર્ષથી પાલીતાણામા જ સ્થિરતા હતી મોટાભાઈ ના વર્ષીતપ ના પારણા અને મહોત્સવ નિમિત્તે પરમ પૂજ્ય મમ્મી ની અને મોટા ભાઈ ની સેવા કરવા ૧૦ દિવસ અગાઉ મુંબઈ આવી ગયેલ.

આપણા અનેક પૂજ્ય ગુરુ ભગવંતો પ્રવચન મા ઘણીવાર ફરમાવે છે દરેક આત્મા ના શ્વાસોશ્વાસ નિશ્ચિત ( FIX ) છે. માતૃભક્તિ ની ચરમસીમા જુઓ કે પાલીતાણા મા ૨૩ વર્ષ થી રહેનાર આ પુણ્યાત્મા, ૭૯ વર્ષ ના વયોવૃદ્ધ મમ્મી ને દીકરા ના અંતિમ દર્શન માટે કોઈ તકલીફ ના પડે, બહારગામ ક્યાય દોડાદોડી ના કરવી પડે, એ ગણતરી એ આયુષ્ય ના બંધ ના કોઈ સંકેત ની દૃષ્ટિ એ મુંબઈ આવી ઘર ની પાસે દેહત્યાગ કર્યો. માતૃભક્તિ ની કેવી ચરમસીમા.

આપણા સમાજ ના ઉનાવા ગામ ના વડીલ શ્રી હસમુખભાઈ વાડીલાલ શાહ ને પોતાની જન્મ તારીખ 3/4/25 ના આગલા દિવસે ફોન કર્યો કે commutree app માં થી મારી જન્મ તારીખ કાઢી નાખવા વિનંતી છે. આ બીજુ કઈ નહીં પરંતુ પૂજ્ય ગુરુ ભગવંતો એ બતાવેલ ભરતક્ષેત્ર મા અ-જન્મા થવાનો અને મહાવિદેહક્ષેત્ર મા જન્મ નો માર્ગ ખોલી દીક્ષા ગ્રહણ કરી મોક્ષમા પદાર્પણ ના સ્પષ્ટ સંકેત છે.

આજે ખરેખર કહેવાનુ મન થાય ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે ....
ઘણું જાણવા છતાં લખવા માટે શબ્દો ટૂંકા પડે છે

વાડીલાલ હરખચંદ ગાંધી પરિવાર ગામ ( રણુંજ )
તેમજ પરિવાર ની બહેનો, દીકરીઓ અને બધા જમાઈ.

માણેકલાલ તલકચંદ શાહ પરિવાર ગામ ( ગાંભુ )

વાડીલાલ મૂનચંદ પરિવાર ગામ ( ભાલક )

## સંપાદકિય

**આ અંકમાં તન વિશે નિરુપણ કરીશું.**

અગાઉના પરિવાર પત્રિકામાં મન અને ધન વિશે લેખ આપેલા. આ અંકમાં તન વિશે નિરુપણ કરીશું. મન ચંગા તો કથરોટમે ગંગા, તો તન ચંગા તો સારાજીવન ગંગા જૈસા પાવન. માનવ જીવનના જે સુખ ગણાવાયા છે તેમાં પહેલું સુખ તે જાતે નર્યા. શરીર સ્વસ્થ હોય તો ગૃહસ્થ-સંસારીના સર્વ કામકાજ સુપેરે થઇ શકે, નહિતર સર્વ કાર્યમાં પીછેહઠ કરવી પડે. માટે કોઈ જ્ઞાનીએ કહેલું સુવાક્ય છે કે शरीरमाद्यं खलु धर्म साधनम् । તંદુરસ્ત હોઈએ તો ગૃહસ્થી તરીકેના સર્વધર્મ એટલે કે કર્તવ્ય Duty સારી રીતે બજાવી શકાય.

આપણા જૈનધર્મમાં દેહદમન કરવાનો, શરીરને આળપંપાળ ન કરવાનો અને તપ કરવાનો ઉપદેશ આપેલો છે. તેનો વિરોધ નથી. તપ



કરવાથી તન-મન શુધ્ધ થાય અને પરમાત્માનું એકાગ્રતાથી ધ્યાન ધરી શકાય, સાચી વાત, બરાબર. પરંતુ શરીર સાજુ હશે તો આરાધના, ધર્મક્રિયાઓ, તપશ્ચર્યા કરી શકાશે. જો આરોગ્ય કથળેલું હશે, રોગ, બિમારી હશે, શારિરીક, માનસિક તકલીફો હશે, પથારીવશ હોઈએ તો ધર્મધ્યાન પણ કેવી રીતે કરી શકાશે? માટે તંદુરસ્ત રહેવું,(શરીર સાચવવું) આવશ્યક નહિ, અનિવાર્ય છે. માટે કહેવાયું છે કે મનુષ્યનો સાચો સાથી તેનું સ્વાસ્થ્ય છે. જે દિવસે સ્વાસ્થ્ય કથળ્યું, તે દિવસે જીવન સંસારના દરેક સંબંધ બોજ બની જાય છે.

If wealth is lost, nothing is lost,
if health is lost, something is lost, but
character is lost, everything is lost.

આ જાણીતું સુવાક્ય પણ સૂચવે છે કે આરોગ્ય ગુમાવ્યું તો કશુંક તો ગુમાવ્યું જ છે.

અત્યારે જે મેડિકલ સેવાઓ ઉપલબ્ધ છે, નવીન સંશોધનો અને ટેકનોલોજીને લીધે દરેક રોગ-બિમારીની અદ્યતન પધ્ધતિએ સારવાર થઈ શકે છે તેવી આપણા પૂર્વજો, બાપદાદાઓના જમાનામાં ઉપલબ્ધ નહોતી, છતાં તેઓ આપણા કરતાં વધુ નિરોગી હતા. કારણ કે તેમની રહેણી કરણી, જીવન સાદુ હતું. કુદરતના નિયમ અનુસાર જીવતા, સાદો ખોરાક, પરિશ્રમ, સંયમને લીધે તેઓ નિરામય, દીર્ઘાયુ ભોગવતા. વર્તમાનમાં તો ટૂંક સમયમાં વધુ કમાઈ લેવાની ઘેલછા, ભાગદોડ, ઘરનું ખાવાનું મુકીને હોટલ, લારીઓ ઉપરનું ભેળસેળ વાળું ખાવાનું, ટી.વી.-મોબાઈલની વળગણ, બેઠાડું જીવન આ બધાને લીધે જ આજના લોકો તંદુરસ્ત નથી રહી શકતા. નાની વયે હ્રદયરોગના શિકાર બને છે. પ્રૌઢાવસ્થા પહેલાં Knee Problems, હાડકામાં સાંધાના દુ:ખાવા થાય છે. નાના બાળકોને ચશ્મા પહેરવા પડે છે.

બીજી અગત્યની વાત છે, શારિરીક શ્રમ-કસરતનો અભાવ, તંદુરસ્ત રહેવા માટે સવાર-સાંજ ચાલવું જોઈએ. નોકરી-ધંધા, ટી.વી., મોબાઈલને લીધે સમય મળતો નથી, આળસ પણ ખરી. તન-મન સ્વસ્થ રાખવા યોગાસનો કરવા લાભદાયક. આપણા પૂર્વજોની શીખ હતી કે "રાતે વહેલા સૂઈ, વહેલા ઉઠે વીર, બળ બુધ્ધિને ધન વધે, સુખમાં રહે શરીર." કેવી સચોટ સલાહ! પરંતુ અત્યારે વિપરીત છે. રાતે મોડે સુધી જાગવું અને સવારે મોડા ઉઠવું. ખરેખર તો બ્રહ્મમૂહુર્તે વહેલી સવારે ઊઠીને દિનચર્યા શરૂ કરનાર વ્યક્તિ તંદુરસ્ત હોય.

### પ્રતિકુળ પરિસ્થિતિમાં વિચલિત ન થઈએ

આપણે આપણી જાતને પરિસ્થિતિઓને અનુરુપ બનાવવી જોઈએ અને જે પણ પરિસ્થિતિમાં હોઈએ, તેના પ્રત્યે અસંતોષ કે ધૃણા વ્યક્ત ન કરવાં જોઈએ. બધા દિવસો એક સરખા નથી હોતા. આપણે દુ:ખના વિષમ સમયમાં ધીરજ ન ગુમાવવી જોઈએ. દરેક પરિસ્થિતિનો લાભ અને નુકશાન બંને હોય છે. સંસારની કોઈ પણ પરિસ્થિતિ એવી નથી હોતી, જેનો કોઈને કોઈ લાભ ન હોય! આપણી દ્રષ્ટિ ફક્ત તેમાં લાભ તરફ જ હોવી જોઈએ.

જીવનમાં દુ:ખ અને કલેશોની આગમાંથી બચવાની ઈચ્છા હોય તેમણે પહેલું કામ એ કરવું જોઈએ કે તેઓ પોતાની અપેક્ષાઓને મર્યાદિત રાખે. પોતાની વર્તમાન પરિસ્થિતિમાં પ્રસન્ન અને સંતુષ્ટ રહેવાની ટેવ પાડે અને પોતાનું કર્તવ્ય પાલન નિષ્ઠાપૂર્વક કર્યા કરે. છતાં જીવનમાં કેટલાય એવા પ્રસંગો આવે છે, જ્યારે પરિસ્થિતિ વિકટ હોય છે. એનો આઘાત અસહ્ય હોય છે તેથી માણસ વ્યાકુળ બની જાય છે અને રોકકળ કરી મૂકે છે. સારી ખોટી ઘટનાઓ તો જીવનમાં બનતી રહે છે.

આવા પ્રસંગોએ આપણે વિવેકબુધ્ધિથી કામ લેવું જોઈએ. જ્ઞાનના આધારે દુ:ખદ ઘટનાઓ ભૂલી શકીએ છીએ. ઈશ્વરની દયા પર વિશ્વાસ રાખવો જોઈએ જે આવી ઘટનાઓ વખતે ઉપયોગી બને છે. આપણું જ્ઞાન સિમિત છે. તેથી ભગવાનની કાર્યપધ્ધતિના રહસ્યને સમજી શકતા નથી. જે પ્રસંગોને આપણે દુ:ખદ માનીએ છીએ તે ખરેખર આપણા કલ્યાણ માટે જ હોય છે. દુ:ખના વખતે આપણે ઈશ્વરની ન્યાયપરાયણતા અને દયાળુ સ્વભાવ પર વધારેમાં વધારે વિશ્વાસ મૂકી માનવું જોઈએ કે "ભગવાન જે કરશે તે મારા હિત માટે જ હશે." તેનાથી આપણે મુશ્કેલીઓમાં ગભરાઈશું નહી અને ધીરજ રાખી શકીશું. સાથે સાથે પોતાનામાં આત્મવિશ્વાસ જાગૃત થશે.

જ્યારે પણ તમારા જીવનમાં વિકટ પરિસ્થિતિ આવે ત્યારે તેના તરફ ન વિચારતાં તમે અન્ય લોકોની વિકટ પરિસ્થિતિ તરફ નજર કરશો તો તમને તમારી મુશ્કેલી નજીવી લાગશે. તમારો દ્દષ્ટિકોણ બદલાઈ જશે અને તમે જો બીજાઓના દુ:ખમાં મદદ કરવા પ્રયત્ન કરશો તો આપના જીવનમાં ઘણી જ સુખશાંતિની અનુભૂતિ થશે.

બકુભાઈ સી. ગાંધી (સમોડ)-સંપાદક • રમેશભાઈ સી. શાહ(કમાણા)-સહ સંપાદક

## સમાજના સભ્ય પરિવારના જન્મ દિવસ પર શુભેચ્છા

**દશે દિશાઓમાંથી દરેકને મન ઇચ્છિત ફળ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના...**



મીનાબેન નરેન્દ્રકુમાર શાહ
ગામ : મણુંદ - અમદાવાદ
મોબાઈલ : +૯૧૯૪૨૯૧૨૯૭૦૦
જન્મ તારીખ : ૧ જુન



જીતેન્દ્રકુમાર બાબુલાલ શાહ
ગામ : બોરીઆવી - મહેસાણા
મોબાઈલ : +૯૧૯૬૬૨૫૫૨૧૧૧
જન્મ તારીખ : ૧ જુન



સંદિપકુમાર સુમતીલાલ શાહ
ગામ : બોકરવાડા - અમદાવાદ
મોબાઈલ : +૯૧૯૮૨૫૭૮૭૫૪૯
જન્મ તારીખ : ૩ જુન



પાર્શ્વકુમાર રાકેશકુમાર શાહ
ગામ : વડાવલી - મહેસાણા
મોબાઈલ : +૯૧૯૧૭૩૭૩૭૩૬૨
જન્મ તારીખ : ૫ જુન



હેતલકુમાર ઉપેન્દ્રકુમાર શાહ
ગામ : ઊંઢાઈ - અમદાવાદ
મોબાઈલ : +૯૧૯૯૨૪૦૮૭૬૯૧
જન્મ તારીખ : ૧૦ જુન



મમતાબેન પ્રકાશકુમાર શાહ
ગામ : મણુંદ - મુંબઈ
મોબાઈલ : +૯૧૯૮૩૩૬૦૨૫૯૫
જન્મ તારીખ : ૧૧ જુન



નિશીતકુમાર પિયુષકુમાર શાહ
ગામ : દેલોલી - પુના
મોબાઈલ : +૯૧૯૮૨૩૦૮૫૫૨૭
જન્મ તારીખ : ૧૩ જુન



મલયકુમાર અશોકકુમાર શાહ
ગામ : વિસનગર - અમદાવાદ
મોબાઈલ : +૯૧૯૩૨૮૨૨૨૧૭૬
જન્મ તારીખ : ૧૫ જુન



પારૂલબેન યોગેશભાઈ શાહ
ગામ : ગાંભુ - પુના
મોબાઈલ : +૯૧૯૩૨૫૫૦૪૦૩૦
જન્મ તારીખ : ૨૦ જુન



રીતેષકુમાર કીરણકુમાર શાહ
ગામ : ઉનાવા - અમદાવાદ
મોબાઈલ : +૯૧૯૮૨૪૪૭૪૮૩૨
જન્મ તારીખ : ૨૦ જુન



હાર્દિકકુમાર હરેશકુમાર શાહ
ગામ : ભાલક - મુંબઈ
મોબાઈલ :+૯૧૮૩૬૯૫૪૯૨૩૫
જન્મ તારીખ : ૨૨ જુન



પ્રતિકકુમાર ચીનુલાલ શાહ
ગામ : વડાવલી - અમદાવાદ
મોબાઈલ :+૯૧૯૪૨૭૦૩૫૨૪૦
જન્મ તારીખ : ૨૪ જુન



હરેશકુમાર જયંતીલાલ શાહ
ગામ : ભાલક - મુંબઈ
મોબાઈલ : +૯૧૮૩૬૯૫૪૯૨૩૫
જન્મ તારીખ : ૨૭ જુન

## સમાજના સભ્ય પરિવારના લગ્નદિવસ પર શુભેચ્છા

**શ્રીમતી જ્યોત્સનાબેન**

**અને**

**શ્રી ભગીરથભાઈ શાંતિલાલ શાહ**

ગામ : લુણવા મંડાલી - અમદાવાદ
મોબાઈલ : +૯૧૯૩૨૭૦૨૯૦૧૦
લગ્ન તારીખ : ૧ જુન



# શિક્ષણ સહાય અભિયાન ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

રૂા.૨૫૫૫૫/-



સ્વ.પ્રો.રસિકલાલ સોમચંદ શાહ
(તરભ–અમદાવાદ)

રૂા.૨૫૫૫૫/-



સ્વ.પ્રભાવતિબેન રસિકલાલ શાહ
(તરભ–અમદાવાદ)

સંસ્કાર પ્રેમી/સમાજ પ્રેમી પરિવારથી જ સમગ્ર સમાજ ઉત્કર્ષ સાથે ઉજળો બનતો હોય છે.


માતા–પિતા પ્રત્યેનો આદર વ્યક્ત કરવાનો તેમ જ વાત્સલ્યઋણ આંશિક રીતે ચૂકવવાનો સોનેરી અવસર એક જ છે અને તે છે તેમના નામ સાથે જોડી શકાય તેવા સત્કાર્યો કરવા.

ડૉ.અશ્વિનભાઈ રસિકલાલ શાહ (તરભ–અમદાવાદ) તથા શ્રીમતી કાશ્મીરાબેન અશ્વિનભાઈ શાહ (વિસનગર નિવાસી કુસુમબેન ધિરુભાઈ તાવડાવાળાની સુપુત્રી)ના સુપુત્ર શાલિન, પુત્રવધુ નિશીતા, પૌત્રી રૂબી, પૌત્ર લવ (હાલ–અમેરીકા) દ્વારા દાદા પ્રો.સ્વ.રસિકલાલ શાહની પુણ્યસ્મૃતિમાં શ્રી શાલિનભાઈ તથા પરિવાર દ્વારા રૂા.૫૧,૧૧૦/– (એકાવન હજાર એકસો દસ) શિક્ષણ સહાય યોજના ખાતે દાન આપેલ છે. પ્રો.રસિકલાલ સોમચંદ શાહ(એમ.એસ.સી. ફીઝીક્સ, ગોલ્ડ મેડાલિસ્ટ, મુંબઈ યુનિવર્સિટી સી. યુ. શાહ સાયન્સ કોલેજ, અમદાવાદમાં ફીઝીક્સના હેડ ઓફ ડીપાર્ટમેન્ટ તરીકે કાર્યરત હતા.

પ્રભાવતીબેન સ્વભાવે સરળ, શાંત, નિખાલસ, કુટુંબ પ્રેમી અને ધાર્મિક સંસ્કારનો અખૂટ ખજાનો હતા. શાલિનભાઈ અને તેમનો પરિવાર હાલ અમેરિકામાં સ્થાયી હોવા છતાં ધર્મ સંસ્કારથી અભિભૂત છે અને શિકાગોના દેરાસરમાં આગવું સ્થાન ધરાવે છે.

અશ્વિનભાઈના પરિવારની રૂડી દિલાવરીને શત્ શત્ અભિનંદન પાઠવીએ છીએ.

## બાયો-ડેટા



### વ્યક્તિગત વિગતો

નામ : ચિંતન વિરેન્દ્રકુમાર શાહ
જન્મ તારીખ : 11 જૂન 1985
જન્મ સમય : 4:41 PM
જન્મ સ્થળ : સુરત, ગુજરાત
ઊંચાઈ : 5'11" (180 સે.મી.)
વજન : 80-90 કિગ્રા
ધર્મ : જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક, દેરાવાસી
મૂળ સ્થાન : બોકરવાડા-જિ. મહેસાણા, ગુજરાત. (૪૭ જૈન દશા સમાજ)
શોખ : મુસાફરી, સંગીત અને રસોઈ
કોન્ટેક નંબર : +91 98983 55221
શિક્ષણ : બી.કોમ ગ્રેજ્યુએટ, વી.એન.એસ.જી.યુ., સુરત
વ્યવસાય : વ્યાપાર- પેટ્રોકેમિકલ્સ અને સ્પેશિયાલિટી લ્યુબ્સ (ઉત્પાદન અને વેપાર)

### કૌટુંબિક વિગતો

પિતા : વીરેન્દ્રકુમાર ચીનુભાઈ શાહ (નિવૃત્ત) +91 93769 35367
માતા : વિલનબેન વી. શાહ (ગૃહિણી).
મોટા ભાઈ : જીતેશ વી. શાહ (સિંગલ) સંયુક્ત વ્યવસાય
માતૃ કુટુંબ : સ્વ.શ્રી ચીમનલાલ અંબાલાલ શાહ, મોરપ (જિ. મહેસાણા)- સુરત.

રહેઠાણનું સરનામું : ૫૦૩, પલાઝો, આર.ટી.ઓ. પાલ સામે,
માર્વેલા બિઝનેસ હબ પાછળ,
ગેલેરિયા શોપિંગ હબ પાસે, પાલ, સુરત-૩૯૪૫૧૦

Note: ચિંતન શાહે ૨૦૨૦માં એન્જીઓપ્લાસ્ટી કરાવેલી છે અને તેમને ડાયાબિટીસ છે, જે કંટ્રોલમાં રહે છે.

જિંદગી જેવી મળી છે તેવી માણી લ્યો,
જિંદગી જીવવામાં મજા છે,
ફરિયાદો કરવામાં નહીં.

# ધાર્મિક સમાચાર

❁ જિનાલય એટલે આધ્યાત્મિક ઉન્નતિ માટેનું પવિત્ર અને ધ્યાનનું કેન્દ્ર છે. પરંતુ શિખરે ઊંચા આકાશમાં ફરફરતી એની ધ્વજા ધ્યેયહીન માનવને ઉચ્ચ ધ્યેયના આદર્શની પ્રેરણા આપે છે.

ભાલકતીર્થની ધન્યધરાએ શ્રી ધર્મનાથ ભગવાન અને કેસરીયા આદિનાથ ભગવાન જિનાલયે ૧૭૯મી સાલગીરી ધ્વજા રોહણ પ્રસંગ વૈશાખ સુદ-૬ને તા.૦૩-૦૫-૨૦૨૫ના રોજ ખૂબ જ ઉલ્લાસ પૂર્વક અને સંપૂર્ણ ધાર્મિક માહોલમાં સંપન્ન થયો. આ પ્રસંગે ૨૫૦ ભાવિકભક્તો હાજર રહ્યા. હાજર રહેલ સૌ ભાવિકો નવકારશી, સ્નાત્રપૂજા તેમજ સત્તરભેદી પૂજામાં સહયોગી બન્યા. ત્યારબાદ વૈદિક મંત્રોચ્ચાર સાથે શ્રી અંબાલાલ ઝવેરચંદ શાહ પરિવાર તેમજ કલાવતીબેન કાન્તિલાલ શાહ પરિવાર દ્વારા ધ્વજારોહણ સંપન્ન થયું. બપોરે જમ્યા પછી સંઘની જનરલ સભા મળી જેમાં અગત્યનો ઠરાવ પસાર કર્યો. ત્યારબાદ સંઘની વિવિધ યોજનાઓના ૨૬ દાતાશ્રીઓને કેસરનો ચાંદલો કરી,બાદલો લગાવી, માળા પહેરાવી તેમજ શ્રીફળ અને ચાંદીની મુદ્રા આપી સન્માન/બહુમાન કરવામાં આવ્યું. આ ઉપરાંત સંઘ સંચાલિત સંસ્થાઓના નિભાવ માટે એક દિવસીય તિથીના રૂા.૧૦૦૦/-ની યોજના પુન: મૂકવામાં આવી જે ખૂબ જ આવકાર્ય રહી. આમ ભાલક જૈનસંઘ માટે આજનો દિવસ યાદગાર અને સોનેરી રહ્યો. ઉપસ્થિત સૌને સંઘપૂજન પણ કરવામાં આવ્યું. ચૌવિહારબાદ આરતી, મંગળદિવો કરી સૌ અમદાવાદ પરત આવ્યા.

## "ગૌરવની ક્ષણ : શૈક્ષણિક સફળતાનો ઐતિહાસિક અવસર"



### "ઘરની દીકરી બની સમગ્ર સમાજનું ગૌરવ"

રેન્સી સ્વપ્નિલ મહેન્દ્રભાઈ ચંદરાતે (સુરત, દિકરી જતીનકુમાર સેવંતીલાલ શાહ (ખરોડ-બરોડા) ટેક્સાસ ની No.1 યુનિવર્સિટી મેકકોમ્બ્સ સ્કૂલ ઓફ બિઝનેસમાંથી એમ.બી.એ. (માસ્ટર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન) પદવી પ્રાપ્ત કરી છે. સંપૂર્ણ સમયની નોકરી, પરિવારની જવાબદારીઓ અને સાપ્તાહિક અભ્યાસ વચ્ચે અભૂતપૂર્વ સંકલ્પશક્તિ અને સઘન પરિશ્રમથી તેમણે આ સિદ્ધિ હાંસલ કરી છે.

અભ્યાસકાળ દરમિયાન તેમની પ્રતિબદ્ધતા અને શૈક્ષણિક ઉત્તમતા માટે તેમને **"ડીનસ એવોર્ડ ફોર અકાડેમિક એક્સિલન્સ"** થી પણ પુરસ્કારિત કરવામાં આવ્યા છે, જે યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતું મહત્વપૂર્ણ સન્માન છે. વ્યવસાયિક જગતમાં તે પહેલેથીજ પ્રોજેક્ટ મેનેજર તરીકે સક્રિય છે અને હવે આ નવા શૈક્ષણિક મંચ સાથે તેઓ કોર્પોરેટ સ્ટ્રેટેજી અને બિઝનેસ લીડરશિપમાં આગળ વધવા માટે તૈયાર છે.



**જીવનમાં વધુ ને વધુ પ્રગતિ કરી શ્રેષ્ઠતમ સફળતા મેળવે તેવી હાર્દિક શુભકામના.**

| | | |
|---|---|---|
| બકુભાઈ સી. ગાંધી | હીતેષભાઈ બી. ગાંધી | જગત બી. ગાંધી |
| પ્રવીણા બી. ગાંધી | અલકા એચ. ગાંધી | અર્ચના જે. ગાંધી |

ચાર્મી, વિધી-રૂચીન, હેત, નમન-વિવેક, રીયા

તથા સમસ્ત ગાંધી પરિવાર (સમોડા)

## શ્રી જૈન દશા શ્રીમાળી સુડતાલીસ જ્ઞાતિ પરિવાર, મહેસાણા આયોજિત ધાર્મિક પ્રવાસ

### ૪૭ જ્ઞાતિ પરિવાર મહેસાણા દ્વારા ગાંભુ તીર્થ મુકામે સ્નાત્ર પૂજા



શ્રી જૈન દશા શ્રીમાળી સુડતાલીસ જ્ઞાતિ પરિવાર, મહેસાણા દ્વારા તા. ૨૭-૦૪-૨૫ ને રવિવારના રોજ શ્રી પાર્શ્વનાથ ભગવાનના ૧૦૮ તીર્થ પૈકીના એક તથા ચમત્કારી એવા શ્રી ગંભીરા પાર્શ્વનાથ ભગવાનના પ્રાચીન ગાંભુ તીર્થના એક દિવસીય યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રા પ્રવાસમાં ૯૮ સભ્યશ્રીઓ જોડાયા હતા.

સવારની નવકારશી, બપોરનું ભોજન, શ્રી ગંભીરા પાર્શ્વનાથ દાદાની સાનિધ્યમાં સેવા પુજા, સ્નાત્ર પુજા, આરતી, મંગળ દીવો, શાંતિકળશ તથા સુંદર ભક્તિ ભાવના રંગમાં સભ્યશ્રીઓ રંગાયા હતા. ૧૯ દાતાશ્રીઓ દ્વારા સભ્ય દીઠ રૂ.૧૦૦/- ની પ્રભાવના કરવામાં આવી હતી તેમજ સ્નાત્ર પૂજાનો સંપૂર્ણ લાભ શ્રીમતી ત્રીશલાબેન જશવંતભાઈ શાહ ખરોડવાળા પરિવારે લીધો હતો જેની ખુબ ખુબ આભાર સહ અનુમોદના કરવામાં આવી. પ્રમુખશ્રી જીતેન્દ્રકુમાર બાબુલાલ શાહ ( બોરીયાવી ) ના માર્ગદર્શન હેઠળ કારોબારી સમિતિના તમામ યુવા કાર્યકરોએ ઉત્સાહભેર બધી વ્યવસ્થા સુપેરે સંભાળી લીધી હતી.

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ



આધાર કાર્ડની જરૂરી પ્રક્રિયાના અધિકારી શ્રી હિતેષભાઈ શાહનું બહુમાન કર્તા મેનેજીંગ ટ્રસ્ટીશ્રી બકુભાઈ ગાંધી અને પ્રમુખશ્રી વિજયભાઈ શાહ

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદના ઉપક્રમે સમાજ જાગૃતિ અને કલ્યાણ યોજના સમિતિ દ્વારા "આધાર કાર્ડ અને તેને લગતી મુશ્કેલીઓનું નિવારણ" માટે ઓનલાઈન વેબીનાર નું આયોજન કરી એક નવતર પ્રયાસ તા.૧૫-૦૫-૨૫ ને ગુરૂવારે રાત્રે ૮.૩૦ કલાકથી કરવામાં આવેલ. જેમાં હાલમાં રોજબરોજના જીવનમાં આધાર કાર્ડ ને લગતી બાબતો જેવી કે આધાર કાર્ડ લિંક કરવું, આધારકાર્ડમાં ડેટા મેચ કરવો, સુધારા કરવા, ફેરફાર કરવા માટે જરૂરી પ્રક્રિયાઓ, તે માટેની કચેરીઓ અને જરૂરી દસ્તાવેજો ની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. આ માહિતી આપવા માટે શ્રી હિતેશભાઈ શાહ નિષ્ણાંત તરીકે આવેલ જેઓ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આધાર કાર્ડ બ્રાન્ચમાં ઉચ્ચ હોદ્દા પર ફરજ બજાવે છે. આ વેબીનારમાં જ્ઞાતિજનોના પ્રશ્નોને પણ વાચા આપવામાં આવી હતી. આ પ્રસંગે જ્ઞાતિના પ્રમુખશ્રી મેનેજિંગ ટ્રસ્ટી શ્રી તથા સબ કમિટિના કન્વીનર શ્રી ખાસ હાજર રહી સહકાર આપેલ.

કન્વીનર : ડૉ.ચિરાગભાઈ શાહ (ઉનાવા)

## શૈક્ષણિક સહાય ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

રૂા.૨૧૦૦૦/-



સ્વ.સુભદ્રાબેન જયંતીલાલ ગાંધી (મોટેરા-હાલ:મુંબઈ)

સ્વ.સુભદ્રાબેન જયંતીલાલ ગાંધી (મોટેરા-હાલ:મુંબઈ) ખરવાડા નિવાસી માતા કંકુ બા અને પિતા રેવાદાસની સુપુત્રી સ્વ.સુભદ્રાબેન જયંતીલાલ ગાંધી (મોટેરા) પિયરમાંથી ધર્મનો વારસો લઈ જયંતીલાલ કાળીદાસ ગાંધી (મોટેરા) પરિવારમાં દુધમાં સાકર ભળે તેમ ભળી ગયા હતા. કર્તવ્યે નિષ્ઠાવાન ગૃહિણી ગુણાનુરાગી સન્નારી. સ્વ.સુભદ્રાબેન જયંતીલાલ ગાંધી પરિવારને એક સંપથી જોડી રાખીને પોતાની ફરજ બજાવી હતી. પોતે ઓછું ભણેલા હોવા છતા ભણતરને મહત્વ આપીને પોતાના પુત્રો અને પુત્રીને સારામાં સારુ ભણતર આપીને આગવા સ્થાને લાવેલ, માતાની સ્મૃતિમાં નયનાબેન રાકેશભાઈ ગાંધી પરિવાર તરફથી શૈક્ષણિક ક્ષેત્રે રૂા.૨૧૦૦૦/-નું દાન મળવા પામેલ છે. સમાજ પ્રત્યેની ભાવનાને બિરદાવતા જ્ઞાતિમંડળ અંત:કરણ પૂર્વક આભાર વ્યક્ત કરે છે. આવા ઉમદા અને હેતુલક્ષી કાર્યો કરવાની પ્રભુપરમાત્મા તેમને શક્તિ બક્ષે તેવી પ્રાર્થના કરીએ છીએ.

## સાધર્મિક સહાય ક્ષેત્રે દાન...ફંડ...ભેટ...

રૂા.૧૧૦૦૦/-



સ્વ.ખંજનાબેન મહેશકુમાર શાહ (વિસનગર-હાલ:મુંબઈ)

સ્વ.ખંજનાબેન મહેશકુમાર શાહ (વિસનગર-હાલ:મુંબઈ)ની પુણ્ય સ્મૃતિમાં તથા તેમના આત્મશ્રેયાર્થે તેમના પરિવારે અમદાવાદ જ્ઞાતિ મંડળના સાધર્મિક વાત્સલ્ય ક્ષેત્રે રૂા.૧૧૦૦૦/-નું દાન કરેલ છે. આ પરિવારે જ્ઞાતિના જરૂરિયાત મંદોને જીવનજરૂરી ખાદ્યસામગ્રી પેટે આ દાન આપીને સમાજ માટેની લાગણી દર્શાવી છે. તેની મંડળ અનુમોદના કરે છે અને તેમનો ખૂબ ખૂબ આભાર માને છે.

---

રૂા.૫૦૦૦/-



સ્વ.જ્યોત્સનાબેન હસમુખલાલ શાહ (બોકરવાડા)

સત્કર્મોથી જીવનને શોભાવનાર સરળ અને શાંત સ્વભાવના અને BSNL માંથી ઉત્તમ સેવા આપીને નિવૃત્ત થનાર ધર્માનુરાગી શ્રીમતી જ્યોત્સનાબેન હસમુખલાલ લહેરચંદ શાહ (બોકરવાડા)ની દ્વિતિય માસિક પૂણ્યતિથિ નિમિત્તે તેમના સુપુત્ર શ્રી ભાવેશભાઈ અને પુત્રવધુ શ્રીમતી કોમલબેન (ખજાનચી-મહિલા મંડળ, અમદાવાદ) તરફથી જ્ઞાતિ મંડળના સાધર્મિક પરિવારોને અપાતી ખાદ્ય સામગ્રી માટે રૂા.૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા)મળેલ છે. જ્ઞાતિમંડળ આ પરિવારની અનુમોદના કરતાં આનંદ અનુભવે છે.

**"એવા વ્યક્તિને પસંદ કરો,**
**જે તમને દરેક પરિસ્થિતિમાં પસંદ કરે,**
**એવા ને નહિ જે એના મુડ પ્રમાણે તમને પસંદ કરે."**

## સાધર્મિક વાત્સલ્ય... અનુમોદના ક્ષેત્રે...દાન-ફંડ-ભેટ

રૂા.૫૧૦૦/-



શ્રી નરોત્તમદાસ ઉત્તમલાલ શાહ (ઉનાવા-અમદાવાદ)

શ્રી નરોત્તમદાસ ઉત્તમલાલ શાહ (ઉનાવા-અમદાવાદ) માતૃઋણ અને પિતૃઋણ અદા કરવાની ક્ષમતા તો સ્વયં ભગવાન પાસેય નથી. ત્યાં માણસનું તો શું ગજું? છતાં યથાયોગ્ય પ્રયત્ન થાય એ પણ ગૌરવની વાત છે. ઉનાવા વતની શ્રી રમેશભાઈ તેમજ તેમના મોટાભાઈશ્રી કીર્તિભાઈ, અશ્વિનભાઈએ પિતાશ્રી નરોત્તમદાસ ઉત્તમલાલ શાહના સ્મરણાર્થે મંડળ દ્વારા ચાલતી સાધર્મિક વાત્સલ્ય અનુમોદનામાં રૂા.૫૧૦૦/-નો આર્થિક સહયોગ આપેલ છે આ પરિવાર દ્વારા મંડળને અવાર-નવાર આર્થિક સહયોગ મળતો રહે છે. આ પરિવારનું મંડળમાં સેવાકિય યોગદાન પણ ખૂબ જ રહ્યું છે. ઉત્તમલાલ જગજીવનદાસ શાહ મંડળના સંસ્થાપક પૈકીના એક અગ્રણી હતા. શ્રી નરોત્તમદાસ પૂર્વ પ્રમુખ હતા અને શ્રી કીર્તિભાઈએ માનદ્‌મંત્રી/ઉપપ્રમુખ તરીકે અગાઉ સેવા આપેલ છે. જ્યારે શ્રી રમેશભાઈ છેલ્લા સાત વર્ષથી ટ્રસ્ટી તરીકે તેમજ હોમીયોપેથીક હીલીંગ સેન્ટરમાં સતત કાર્યરત છે. આવા દાતાશ્રીને અભિનંદન આપતા જ્ઞાતિમંડળ પ્રસન્નતાની અનુભૂતિ અનુભવે છે.

## શુભલગ્ન યોજનાક્ષેત્રે...દાન-ફંડ-ભેટ

શ્રીમતી ભારતીબેન અને શ્રી વસંતભાઈ માધવલાલ શાહ (બોકરવાડા-અમદાવાદ)ની સુપુત્રી ચિ.પાયલના શુભલગ્ન શ્રીમતી કંચનબેન અને શ્રી સેવંતિલાલ ચુનીલાલ શાહ (થરાદ-હાલ:અમદાવાદ) ના સુપુત્ર ચિ.નિમેષકુમાર સાથે તા.૧૦-૦૫-૨૦૨૫ના રોજ સંપન્ન થયેલ છે. આ લગ્નની ઉજવણી પ્રસંગે શ્રી વસંતભાઈ માધવલાલ શાહ (બોકરવાડા-અમદાવાદ) એ શુભલગ્ન યોજના ખાતે રૂા.૨૫૦૦/-(રૂપિયા બે હજાર પાંચસો પૂરા) યોગદાન આપેલ છે. તથા શ્રી સેવંતિલાલ ચુનીલાલ શાહ (થરાદ-અમદાવાદ) એ રૂા.૨૫૦૦/- (રૂપિયા બે હજાર પાંચસો પૂરા) યોગદાન આપેલ છે. સમગ્ર સમાજ તરફથી નવદંપતિને આશિર્વાદ આપવામાં આવે છે તથા બંને પરિવારની આભાર સહ ખૂબ ખૂબ અનુમોદના કરવામાં આવે છે.


**પરિવાર પત્રિકા**

**તા.૦૧-૦૮-૨૦૧૬ થી અમલમાં લેવામાં આવતા જાહેરાતના ભાવ**

- ટાઈટલ-૪ (છેલ્લું પેઈજ)........................રૂા.૪૦૦૦/-
- ટાઈટલ-૩ (છેલ્લેથી અંદરનું પેઈજ)........................રૂા.૩૫૦૦/-
- (ટાઈટલ ૩ અને ૪ આર્ટપેપરમાં છપાશે)
- ઓર્ડીનરી એક પેઈજ........................રૂા.૩૦૦૦/-
- ઓર્ડીનરી અડધું પેઈજ........................રૂા.૨૦૦૦/-
- ઓર્ડીનરી પા પેઈજ........................રૂા.૧૫૦૦/-
- જન્મદિનની વધામણીની શુભેચ્છા જાહેરાત........................રૂા.૨૫૦/-
- સરનામા ફોન નંબરમાં ફેરફારની જાહેરાત........................રૂા.૧૦૦/-

A/c Name : Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal, Ahmedabad.
Bank : State Bank of India, Vasna, Ahmedabad.
A/c No. : 32075835516 ● IFSC : SBIN0002684

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

# હાર્દિક શ્રધ્ધાંજલી



## સ્વ. મુકેશભાઈ જમનાદાસ શાહ

જન્મ તારીખ: ૨૭-૦૮-૧૯૫૪

સ્વ. તારીખ: ૧૮-૦૬-૨૦૨૪

શ્રી મુકેશભાઈ આજે આપણી વચ્ચે નથી પરંતુ એમણે કરેલા સત્કાર્યો થકી આપણા હૃદય માં જીવંત છે જ.

બહુરત્ના વસુંધરા એટલે કે આ ધરતી, આપણી આ ધરતીમાતા બહુરત્ના છે જેમાં અસંખ્ય માનવરત્નો જન્મેલ છે. સંસ્કારી નગરી વડોદરા માં આમ જોઈએ તો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પોતાનું, વડોદરાનું અને દેશનું નામ રોશન કરનારા અનેક માનવરત્નો અત્યારે પણ મોજૂદ છે એમની ઉપસ્થિતિ અને કાર્યો થી વડોદરા રળિયાત છે. વડોદરાને રળિયાત કરનારા આવા અનેક મહાનુભવોમાં મુકેશભાઈ જમનાદાસ શાહને પણ આપણે ખુબજ આદરપૂર્વક યાદ કરવા ઘટે.

આપણી સુળતાલીસ જૈન જ્ઞાતિની વાત કરીએ તો સમગ્ર સમાજને એક તાંતણે બાંધવાના અનેક કાર્યો શાંત ચિત્તે કરતાં રહ્યા જેનાથી આપણે સૌ વિદિત છીએ. એમણે કરેલા milestone એવા કલ્યાણ કાર્યો અને ધાર્મિક કાર્યોની યાદી ઘણી લાંબી છે. ખૂબ જ સામાન્ય જીવન જીવનારા અને સાદગીના આગ્રહી શ્રી મુકેશભાઈ એમના ધર્માનુસાર પ્રચાર અને પ્રસાર થી દૂર રહ્યા.

શ્રી મુકેશભાઈ ની ચેતનાને અમારા વંદન.

વિભાબેન મુકેશભાઈ શાહ (પત્ની)

અમીત મુકેશભાઈ શાહ (પુત્ર) | સુરભીત મુકેશભાઈ શાહ (પુત્ર)

અમી અમીત શાહ (પુત્રવધુ) | ક્રીમા સુરભીત શાહ (પુત્રવધુ)

જેનીશા | વિહાન | વિહાના | માયરા | આહના

PAVILION HEIGHTS
Promoted by PADMAVATI HOUSING CORPORATION
REKVINA PHARMACEUTICALS Because Health Matters
RADIANT PARENTERALS LTD



# ધક્કો...


ગાડી ઊપડવાની તૈયારી હતી. ડબ્બામાં એક નાનો છોકરો ઊભો થાય બેસી જાય, આંગળી કરે. પપ્પાને પૂછે: “ગાડી ક્યારે ઊપડશે?”

હું વચ્ચે પડયો. છોકરાની સાથે બોલવા ઓળખાણ વિધિની જરૂર નથી. એટલે મેં એને સીધું કહ્યું: જુઓ, ગાડી તો ઊપડવાની તૈયારીમાં છે. હવે અંદરથી કોઈ ધક્કો મારે અને ચાલુ થાય – એટલી જ વાર છે.” છોકરાએ મારી સામે જોયું. મેં લલચાવનાર ઉત્સુકતાથી આગળ કહ્યું. : “બોલો આપણે ધક્કો મારીએ ?” છોકરાની આંખમાં તેજ આવ્યું. “શું. આપણે ધક્કો મારીએ એટલે ગાડી ચાલુ થાય ?’ મેં એને બરાબર ડબ્બાની વચ્ચે ઊભો કર્યો. એના હાથ આગળની બેઠક સામે ટેકાવ્યા. પછી કહ્યું: “આમ ઊભા રહો, અને હું કહું ત્યારે જ બરાબર ધક્કો મારો... અને ગાડી કેમ ચાલતી થાય તે જુઓ.”

મેં બહાર જોયું. લીલો વાવટો ઊંચોનીચો થતો દેખાતો હતો. થોડી રાહ જોઈ. સીટીની ચીસ આવી. મેં હુકમ કર્યો: "ધક્કો મારો ! જોરથી ! વધારે જોરથી ! વધારે ! ચાલુ રાખો ! બસ....” છોકરો બંને હાથે પૂરા જોર સાથે ડબ્બાની અંદરથી ધક્કો મારતો હતો. પૈડા – યંત્રો – વરાળનાં વિવિધ અવાજો એકીસાથે આવ્યા. ધીરે ધીરે ગાડી ચાલુ થઈ. છોકરાએ પોતાના હાથ પાછા ખેંચ્યા. વિજયના સ્મિત સાથે એ ડબ્બાની વચ્ચે ઊભો રહ્યો. મુસાફરીમાં ખરેખર એને મજા પડતી હતી.

ગાડી ચાલુ હતી. મારું મન પણ ચાલુ હતું. છોકરો માને છે કે એણે જ ગાડી ચાલુ કરી છે. હું માનું છું કે હું જ મારું જીવન ચલાવું છું, જાણનાર જાણે છે કે ગાડીને બીજો ચલાવે છે, જીવનને બીજો ચલાવે છે. હું ફક્ત સાક્ષી છું, દ્રષ્ટા છું, નિમિત્ત જ છું.

મારા ધક્કાથી જીવન ન ચાલે,
નાના છોકરાના ધક્કાથી રેલગાડી ન ચાલે.
ખાલી રમત છે. ગમ્મત છે. લીલા છે.
છોકરો એ જાણે છે અને રમત રમે છે અને ખુશ થાય છે.
ધક્કો માર્યો અને ગાડી ચાલી !
હું પણ જાણું છું અને ખુશ થાઉ છું
મુસાફરી છે, યાત્રા છે, મજા છે,
જીવન છે, અને પૂરો આનંદ છે,
કારણકે જીવન ચલાવનાર બીજો છે
એ પેલા નાના છોકરાનાં પ્રસંગથી યાદ રહેશે.



# ભાવભરી શ્રદ્ધાંજલિ



## સ્વ.અ.સૌ. ખંજના મહેશકુમાર શાહ

(ગામ: વિસનગર । હાલ: મુંબઈ)

**જન્મ તારીખ: ૦૭-૦૮-૧૯૬૮ ● સ્વ. તારીખ: ૨૦-૦૧-૨૦૨૫**

નથી હયાત તમે પણ સાથે હોય એવુ લાગ્યા કરે છે. હર પળ હાજરી નો આભાસ થયા કરે છે.
ક્યારેક કેહવાયેલ વાતોના ભણકારા વાગ્યા કરે છે.યાદો મા તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે.
તમારું હસતું મુખ, મીઠો સ્વભાવ અને અનંત પ્રેમ હમેશા અમારી યાદોમાં જીવંત રહેશે.
તમારી દરેક પળ અમૂલ્ય હતી અને રહશે.
આ જીવનમાં તમે જે પ્રેમ અને સંસ્કાર આપ્યા તે અમારું માર્ગદર્શન બનશે.
પ્રભુ આપના દિવ્ય આત્મા ને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. રસિકલાલ ગિરધરલાલ શાહ

સ્વ. સુમનબેન રસિકલાલ શાહ

મહેશકુમાર રસિકલાલ શાહ

રાજ મહેશકુમાર શાહ

પુત્રી અને જમાઈ:
સ્નેહ કૌશલકુમાર મશરૂ
દોહિત્ર : દેવરાજ કૌશલકુમાર મશરૂ

પિયર પક્ષ : (ગામ વલ્લભીપુર)
સ્વ. ચંદ્રિકાબેન જસવંતરાય શાહ
સ્વ. જસવંતરાય નિહાલચંદ શાહ

**B-૬૭, વર્ધમાન નગર, નર્સિંગ લેન, માલાડ (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૬૪**



# પ્રાત: ક્રિયા

બે ભાઈઓ, પરંતુ બંનેમાં આસમાન–જમીનનો તફાવત. એક સુટેવવાળો અને બીજો કુટેવવાળો. તમે જાતે જ જુઓ કે સુટેવવાળો ભાઇ કેટલો વ્યવસ્થિત રહે છે અને કુટેવવાળો ભાઇ કેટલો અવ્યવસ્થિત ! હંમેશાં વહેલાં ઊઠતો સુટેવવાળો ભાઈ દરેક કામમાં ચોક્કસ છે, જ્યારે આળસુ કુટેવ વાળો ભાઇ તો ઊઠવામાં મોડો, નાહવામાં મોડો, નાસ્તામાં મોડો, પછી શાળામાં મોડો, એમ બધે જ મોડો પડે. અરે ! સવારના પહોરથી જ બંનેની ક્રિયામાં જબ્બર ફેર પડી જાય.

## આ રહી બંનેની પ્રાતઃ ક્રિયાઓ...

### સુટેવ વાળો ભાઈ





### કુટેવ વાળો ભાઈ




## નંબર જોડો



## મનગમતાં રંગ પુરો



## પ્રથમ વાર્ષિક

# ભાવભીની શ્રદ્ધાંજલિ



# સ્વ. મુકેશભાઈ જમનાદાસ શાહ

**જન્મ તારીખ: ૨૭-૦૮-૧૯૫૪ • સ્વ. તારીખ: ૧૮-૦૬-૨૦૨૪**


મનુષ્ય જન્મથી નહીં પણ કર્મથી ઓળખાય છે,
એટલે જ તો મરણ કરતાં સસ્મરણ વધુ યાદગાર બને છે.
જેમાં આપની સ્મૃતિ એક વરદાન છે.
તમે ગયા પણ તમારી યાદ હજુ જીવંત છે.
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

**સ્વ. ઉર્મિલાબેન રજનીકાંત શાહ - ભાલક (બેન)**
**સ્વ. વર્ષાબેન દિલીપકુમાર શાહ - ભાલક (બેન)**
**શ્રીમતી ભાવનાબેન પ્રકાશકુમાર શાહ - ભાલક (બેન)**
**શ્રીમતી આરતીબેન કુમારપાળ શાહ - બોકરવાડા (બેન)**
**શ્રી ધર્મેન્દ્રકુમાર જમનાદાસ શાહ - ઉનાવા (ભાઈ)**

## અવસાન-શ્રધ્ધાંજલિ



નિલેશ જયંતિલાલ શાહ
ગામ : ભાલક
હાલ : પુના
સ્વ. તા.૨૭-૦૪-૨૦૨૫, રવિવાર



શશીકાંત બાબુલાલ ગાંધી
ગામ : મોઢેરા
હાલ : ભાયંદર, મુંબઈ
સ્વ. તા.૩૦-૦૪-૨૦૨૫, બુધવાર



પોપટલાલ મફતલાલ શાહ
ગામ : લાછડી
હાલ : અમદાવાદ
સ્વ. તા.૦૨-૦૫-૨૦૨૫, શુક્રવાર



ઈન્દુબેન ચંન્દ્રકાન્ત શાહ
ગામ : ઉનાવા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૧૭-૦૫-૨૦૨૫, શનિવાર



અરવિંદભાઈ પુનમચંદ શાહ
ગામ : મોટપ
હાલ : અમદાવાદ
સ્વ. તા.૨૨-૦૫-૨૦૨૫, ગુરુવાર



જીતેન્દ્રભાઈ કાન્તિલાલ શાહ
ગામ : મણુંદ
હાલ : અમદાવાદ
સ્વ. તા.૨૨-૦૫-૨૦૨૫, ગુરુવાર



રસિકલાલ નાથાલાલ શાહ
ગામ : બોરીયાવી
હાલ : અમદાવાદ
સ્વ. તા.૨૩-૦૫-૨૦૨૫, શુક્રવાર



વિશાલ ફુલચંદભાઈ શાહ
ગામ : ધીણોજ
હાલ : સુરત
સ્વ. તા.૨૫-૦૫-૨૦૨૫, રવિવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**

## બદલાયેલા સરનામા

### અમદાવાદ

**કૃણાલ મહેશભાઈ શાહ..........................(બોકરવાડા)**
ઈ-૩૦, આયોજનનગર સોસાયટી, જયદીપ ટાવરની સામે,
શ્રેયસ રેલ્વે ક્રોસિંગ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
મો.૯૪૨૬૫૦૨૦૧૩

**ભાવેશ મહેશભાઈ શાહ..............................(ભાલક)**
૨૦૧, અક્ષરતીર્થ ફ્લેટ, માથેરાન સોસાયટી, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૯૪૨૭૭૦૨૦૮૦

**ધર્મેન્દ્રકુમાર જમનાદાસ શાહ.........................(ઉનાવા)**
૨૦૨, તરપત ફળિયું, બદરખા, તા.ધોળકા,
જી.અમદાવાદ-૩૮૨૨૬૦. મો.: ૯૯૨૫૬૯૮૮૮૪

**સમીર મહેશકુમાર શાહ...............................(ભાલક)**
ઝેડ-૫૦૨, સ્વામીનારાયણ પાર્ક-૧, સ્વામીનારાયણપાર્કની સામે,
ન્યૂ વાસણા, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.
મો.: ૯૫૮૬૮૦૭૭૨૯, ૭૪૩૪૯૭૨૪૪૪

**મેહુલકુમાર ભરતભાઈ શાહ..............................(કહોડા)**
એલ-૨૦૪, નારાયણ રેસીડેન્સી, ગોકુલ બંગ્લોઝ પાસે, નિકોલ રોડ,
કેનાલ નજીક, અમદાવાદ-૩૮૨૩૫૦. મો.: ૯૮૯૮૧૧૩૬૫૭

### સુરત

**તપન વિનોદચંદ્ર શાહ.................................(મોટપ)**
બી-૧૦૦૪, સિલીકોન લક્ઝુરીયા, પાલ, ઉમરા બ્રીજ,
સુરત-૩૯૫૦૦૯. મો.:૯૭૨૨૩૩૪૪૦૦

**હસમુખલાલ ઉત્તમલાલ શાહ.......................(વિસનગર)**
ડી-૬૦૩, સમર્થ શ્રૃષ્ટિ, ડી-માર્ટની બાજુમાં, ટાઈમ સ્કવેર પાસે,
ગૌરવપથ રોડ, પાલ, સુરત-૩૯૫૦૦૯.
મો.૯૯૨૪૩૦૦૩૩૭, ૯૯૭૪૧૪૩૪૪૯

### મુંબઈ

**સંદીપ નટવરલાલ શાહ..............................(દેલોલી)**
૨૬, વિમલા મહેલ, ડોક્ટર હાઉસની બાજુમાં, પેડર રોડ,
મુંબઈ-૪૦૦૦૨૬. મો.: ૯૮૬૯૦૫૮૦૦૯

**અરવિંદ એમ. શાહ.................................(દેણપ)**
બી-૪૦૨, ડીએચએલ બિલ્ડીંગ, ધરેન્દ્ર એપાર્ટમેન્ટ, બારીયા
એપાર્ટમેન્ટ પછી, એમ.ટી.એન.એલ. સામે, એસ.વી. રોડ,
મલાડ(વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૪. મો.:૯૮૧૯૫૮૦૦૧૭

### આજીવન સભ્ય અમદાવાદ

**મિતુલ રમેશચંદ્ર શાહ................................(ઉનાવા)**
૮, વૈભવપાર્ક સોસાયટી, ઘોડાસર ચાર રસ્તા, ઘોડાસર,
અમદાવાદ. મો.: ૯૯૨૪૪૪૨૨૨૪

# ચોથી વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



## રમણલાલ ચીમનલાલ શાહ (ગાંભુ–અમદાવાદ)

જન્મ તા.૨૦-૦૫-૧૯૩૦ ● સ્વ.તા.૨૭-૦૬-૨૦૨૨

ગાંભુ તીર્થે બિરાજમાન શ્રી ગંભીરા પાર્શ્વનાથ પ્રભુના આજીવન ઉપાસક અને તીર્થની ઉન્નતિ ક્ષેત્રે સતત જાગૃત રહી અનેકને પ્રેરણા આપનાર, ઉપરાંત વિમલનાથ સોસાયટીના ફાઉન્ડર મેમ્બર રહીને આજીવન ચેરમેન તરીકેની જવાબદારીઓ સંભાળેલ તેમજ શ્રી લક્ષ્મીવર્ધક જૈન સંઘમાં દરરોજ સવારે સ્નાત્રપૂજા અને શ્રી ભક્તામર સ્તોત્રનું સમૂહ વાંચન કરાવવાના પ્રણેતા... ધર્મપ્રીય... એવા આપની છત્રછાયામાં ચાર પેઢીને આપના સાનિધ્ય અને સંસ્કારોનો વારસો મળ્યો. ફરી ક્યારેય નહી મળવાનો કોલ દઈને આપે અનંતની વાટ પકડી, આપનો સમૃધ્ધ વારસો અમે અમારા જીવન પર્યંત જાળવીશું.

**પ્રભુને એક જ પ્રાર્થના હે પ્રભુ જે જીવ આપની પાસે આવ્યો છે તેને આપનું શરણું આપજે.**

## પ્રભાવતીબેન રમણલાલ શાહ

**પુત્ર**
મહેન્દ્રભાઈ - હીનાબેન
ભાવિન - અલ્ભા
પૂર્વી - હિરેનકુમાર
અદિતિ - મેઘ - માન્યા

**પુત્ર**
રાજેશભાઈ - પ્રતિમાબેન
સુહાની - પાર્થકુમાર
જૈની - નિરવકુમાર
ફિયોના - ઝીયા

**પુત્રી**
કલ્પના - શૈલેષકુમાર
ટ્વીંકલ - પ્રિયંકકુમાર
બિન્ની - મેહૂલકુમાર
હર્ષિલ - શૈલેષકુમાર
રિશી - ખૂશી - રૂહી

**પુત્રી**
નીલા - સુધીરકુમાર
સૌમિલ - હેતવી
ધ્વનિલ - ખૂશબૂ
જીયાન-માયશા
કહાન

**રાજેશભાઈ રમણલાલ શાહ** - NJ (USA) M.: +1 917 435 7990

**વેવાઈ પક્ષ**
મધુબેન કમલેશભાઈ પારેખ
(ન્યુયોર્ક)
રચનાબેન કરણભાઈ પારેખ
દક્ષાબેન બીપીનભાઈ પરીખ
(અમદાવાદ)

**સાસરી પક્ષ**
શાંતિલાલ મણીલાલ શાહ
(મોઢેરાવાળા-વડોદરા)
રાજેન્દ્રભાઈ-પ્રદીપભાઈ-કિરીટભાઈ
જયેન્દ્રભાઈ

**મોસાળ પક્ષ**
છોટાલાલ મોહનલાલ શાહ
(ઉનાવા-અમદાવાદ)
સ્વ.રતીભાઈ-બીપીનભાઈ-નવીનભાઈ

RNI No. GUJGUJ/2003/11307. • Published on 1st date of Every Month. Registered under Postal Registration No. GAMC-1401/2024-2026 valid up to 31st December 2026. Issued by SSPO's Ahmedabad City Fivision, permitted to post at Ahmedabad PSO on 1st date of Every Month. License to post without prepayment No. PMG/NG/102/2024-2026 valid up to 31/12/2026.



॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

# સ્મૃતિ વંદના



## સ્વ. મુકેશભાઈ જમનાદાસ શાહ

સ્વ. તારીખઃ ૧૮-૦૬-૨૦૨૪

સમગ્ર જ્ઞાતિમાં સંવાદિતા
અને
એકરૂપતા જાળવવાના
પ્રયત્નમાં અમૂલ્યનું પ્રદાન કરનાર
મૂઠી ઊંચેરા માનવી
શ્રી મુકેશભાઈ ને
તેમની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ એ વંદન

વડોદરા મંડળ સદાય એમનું ઋણી રહેશે.

**શ્રી મહેસાણા જીલ્લા જૈન દશા શ્રીમાળી સુડતાળીસ જ્ઞાતિ મંડળ, વડોદરા**

ભરતભાઈ સોમચંદ શાહ, પ્રમુખ | પંકજભાઈ અમૃતલાલ શાહ, મંત્રી

**શ્રી મહેસાણા જીલ્લા જૈન દશા શ્રીમાળી સુડતાળીસ જ્ઞાતિ મહિલા મંડળ, વડોદરા**

વિભાબેન એમ. શાહ, પ્રમુખ | સુમિત્રાબેન વી. શાહ, ઉપ-પ્રમુખ | જીજ્ઞાબેન કે. શાહ, મંત્રી

સર્વે કારોબારી સભ્યો તથા વડોદરા મંડળના પરિવારજનો

परिवार पत्रिका
PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)
Printed and Published by BAKUBHAI CHHAGANLAL GANDHI on behalf of
SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL
Office Time : 10-30 to 6-30 (Monday Close) • Phone : 26602375 • Email : info@47dashashrimali.com • www.47dashashreemali.in
Printed at Jagadish Offset, Ahmedabad and published from SHRI MAHESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL,
Dipti Advertisers, 3rd Floor, P K House, B/h. M. J. Library, Ellisbridge, Ahmedabad-6. Editor - BAKUBHAI CHHAGANLAL GANDHI